ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Agnipath (Weekly) Gandhinagar

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ કૃણ્વન્તો વિશ્વમાર્યમ્ ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૫ | અંક : ૨૫ | તંત્રી : અરવિંદ કે. રાણા | ● તારીખ : ૧૯-૦૬-૨૦૧૪, ગુરૂવાર | R.N.I. No. GUJGUJ/2000/1951 | ● કિંમત : રૂા. ૦.૭૫ | ● પાના : ૪

## સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા સંચાલિત વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા

# સંસ્કૃત ભારતીનાં સહયોગથી સંસ્કૃત સંભાષણ શિબિર યોજાઈ ગઈ

ગાંધીનગર

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા સંચાલિત વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભારતીનાં સહયોગથી ગત તા. ૬ જૂન થી ૧૫ જૂન સુધી સંસ્કૃત સંભાષણ શિબિર યોજાઈ ગઈ. આ સંભાષણ પ્રશિક્ષણના વર્ગમાં વૈદિક પરિવારનાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંસ્કૃત ભારતીનાં પ્રશિક્ષક ડૉ. ભાવપ્રકાશ ગાંધી દ્વારા દરરોજ બે કલાક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ રવિવારે સવારે જ્યાં શિબિર યોજવામાં આવી હતી તે વૈદિક પરિવારનાં સત્સંગ હોલમાં જ રાખવામાં આવ્યો હતો. પ્રારંભમાં ચુનંદા શિબિરાર્થીઓએ નવ દિવસ દરમ્યાન શીખેલ ભાષાને ધારાપ્રવાહ બોલી તેમણે કરેલ પુરૂષાર્થનો પરિચય આપ્યો હતો. શિબિરાર્થીઓએ ઉત્સાહજનક પ્રતિભાવો આપતાં કહ્યું હતું કે આ પ્રકારના વર્ગો સમયાંતરે યોજાતા રહેવા જોઈએ જેથી તેમનું સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ વધતું રહે.

વૈદિક પ્રચારક શ્રી અવધેશપ્રસાદ પાંડેયે પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે આપણા ધાર્મિક પુસ્તકો એવા વેદ, દર્શન શાસ્ત્રો, ઉપનિષદો તથા ઐતિહાસિક ગ્રન્થો જેવા કે રામાયણ, ગીતા વગેરે સંસ્કૃત ભાષામાં છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉન્નતિ કરવી હોય તો સંસ્કૃત ભાષા શીખ્યા સિવાય છૂટકો નથી. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિસાથે જોડાયેલા વ્યક્તિનો વ્યવહાર સહજ, શાલીન, સભ્ય અને અનુકરણીય બની જતો હોય છે. તેમણે સંસ્કૃત સંભાષણ વર્ગમાં ભાગ લેનાર સૌને અભિનંદન પાઠવી તેમના કલ્યાણની ભાવના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા અત્યારે મૃત:પ્રાય જેવી થઈ ગઈ છે. સંસ્કૃત ભણી રહેલા વિદ્યાર્થીઓ પણ સંસ્કૃત ભાષાને બોલચાલની ભાષા બનાવતા નથી ત્યારે આ પ્રકારની શિબિરોનું મહત્વ ખૂબ વધી થાય છે. તેમણે શિબિરાર્થીઓને પ્રેરણા આપી સંકલ્પ લેવડાવ્યો હતો કે શિબિરાર્થીઓ પરસ્પર જયારે પણ વાત કરશે ત્યારે મહત્તમ સંસ્કૃત ભાષાનો પ્રયોગ કરશે. તેમણે વધુમાં કહ્યું હતું કે સંસ્કૃત ભાષા વિશ્વની બધી ભાષાઓ કરતાં વધારે વૈજ્ઞાનિક અને મહત્તમ ભાવોને પ્રગટ કરવાનું સામર્થ્ય ધરાવતી ભાષા છે એટલે આ ભાષાનું ભવિષ્ય ચોક્કસપણે ઉજળું છે. આપણે આપણી શક્તિ લગાવી આ ભાષાને લોકભોગ્ય બનાવવાના પ્રયત્નો કરતા રહેવા જોઈએ.


આ પ્રસંગે પ્રશિક્ષક ડૉ. ભાવપ્રકાશ ગાંધીએ કહ્યું હતું કે સંસ્કૃત સૌથી સરળ, પૂર્ણ વૈજ્ઞાનિક, તર્કપૂર્ણ અને ભાવનાસભર ભાષા છે. સંસ્કૃત આપણી પ્રાચીન ભાષા છે. આપણા ઋષિઓ દ્વારા રચિત ગ્રન્થોનાં જ્ઞાનને સુરક્ષિત રાખવું હશે, જનજન સુધી પહોંચાડવું હશે તો સંસ્કૃત ભાષાને જીવિત રાખવી પડશે. સંસ્કૃતને આપણા જીવનમાં સ્થાન આપીશું તો જ ભાષા જીવિત રહેશે. તેમણે શિબિરાર્થીઓને સમયાંતરે વિશેષ વર્ગોનું સતત આયોજન કરી સંસ્કૃત ભાષામાં પ્રવીણ કરવાના સંકલ્પને દોહરાવ્યો હતો.

આ પ્રસંગે વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત યુવા સંસ્કૃત વિદ્વાન શ્રી વિરલભાઈ રાવલે સરળ સંસ્કૃત ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આપણા દેશની એ વિડંબણા છે કે જ્યાં સુધી વિદેશી લોકો કોઈ વાત સ્વીકારતા નથી ત્યાં સુધી આપણે તેને અપનાવતા નથી. સંસ્કૃત સૌથી વૈજ્ઞાનિક ભાષા છે અને તે આપણી સાંસ્કૃતિક ધરોહર છે પરંતુ આપણા દેશના લોકો તેની ઉપેક્ષા કરે છે.




આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે શિબિરાર્થીઓને પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. અંતમાં આ કાર્યક્રમનાં સંયોજક શ્રી મહેન્દ્રભાઈ ગાંધી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## मानव जीवन का लक्ष्य क्या है ?



**उपाध्याय श्री सोमदेवजी आर्य**

महर्षि दयानंद आर्ष गुरुकुल, ऋषि उद्यान, अजमेर, राजस्थान.

अध्ययन

व्याकरण - गुरुकुल सुन्दरपुर, रोहतक व आर्य गुरुकुल खानपुर, हरियाणा, निरुक्त - ऋषिउद्यान अजमेर, ३ दर्शन- ऋषि उद्यान अजमेर, मीमांसा दर्शन - मैसूर (कर्णाटक) न्यास दर्शन - वानप्रस्थ साधक आश्रम रोजड.

### શિબિરમાં નીચેના વિષયો પર ચિંતન-ચર્ચા કરવામાં આવશે

(૧) આપણાં જીવનનું લક્ષ્ય શું છે ?
(૨) દરેક મનુષ્યએ પોતાના જીવનના લક્ષ્ય બાબતે કેમ વિચાર કરવો જોઈએ ?
(૩) આપણે આપણાં જીવનનું લક્ષ્ય ક્યા આધારે નક્કી કરવું જોઈએ ?
(૪) મનુષ્યોમાં જાતિ, ઉંમર, ભાષા, દેશ, સંસ્કૃતિ, મત-ધર્મ વગેરેમાં ભિન્નતા હોય છે આવી પરિસ્થિતિમાં માનવ જીવનનું લક્ષ્યનું નિર્ધારણ કેવી રીતે કરવું ?
(૫) શું અત્યાર સુધી લક્ષ્ય નક્કી નથી કર્યું તો હવે કરી શકાય ?
(૬) આપણે નક્કી કરેલું લક્ષ્ય યોગ્ય છે કે નહિં તે કેવી રીતે જાણવું ?
(૭) દરેક મનુષ્યએ પોતના જીવનનું લક્ષ્ય પોતે જ નક્કી કરવું જોઈએ કે અન્યોની દેખાદેખી કે અન્યોની ઈચ્છાનુસાર ?
(૮) આપણને આપણું લક્ષ્ય નક્કી કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ કે નહિં ?
(૯) નિર્ધારિત કરેલા લક્ષ્યને પૂર્ણ કરવામાં આપણે શા માટે સફળ થતા નથી ?
(૧૦) શું નિર્ધારિત કરેલા લક્ષ્યને એક જ જન્મમાં પૂર્ણ કરી શકાય છે ?
(૧૧) શું ભિન્ન ભિન્ન જન્મોમાં આપણું લક્ષ્ય ભિન્ન ભિન્ન હોવું જોઈએ ?
(૧૨) શું પશુ-પક્ષી, ઝાડ-પાન વગેરેનું પણ કોઈ લક્ષ્ય હોઈ શકે ?



**आचार्य सत्यजीत्‌जी आर्य**

महर्षि दयानंद आर्ष गुरुकुल, ऋषि उद्यान, अजमेर, राजस्थान.
- अन्तरंग सदस्य, परोपकारिणी सभा,
- प्रबंधक, आर्ष न्यास
- सचिव, वैदिक-आध्यात्मिक न्यास,
- न्यासी, विश्वकल्याण धर्मार्थ न्यास, रोजड

अध्ययन

आयुर्वेदाचार्य, एम.डी. (आयुर्वेद), दर्शनाचार्य, मीमांसा तीर्थ, व्याकरणाचार्य, योग प्रशिक्षक

### કાર્યક્રમની તારીખ : ૨૯/૦૬/૨૦૧૪

૮:૦૦ થી ૮:૩૦ નાસ્તો
૮:૩૦ થી ૧૧:૦૦ પ્રથમ સત્ર
૧૧:૦૦ થી ૧૧:૩૦ જલપાન
૧૧:૩૦ થી ૧:૦૦ બીજુ સત્ર
૧:૦૦ થી ૨:૦૦ ભોજન

### : કાર્યક્રમનું સ્થળ :

કુશાભાઉ ઠાકરે ઓડિટોરીયમ, (એસી), સીટીએમ ચાર રસ્તા, અમદાવાદ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

પ્રવેશ માત્ર આમંત્રિત વ્યક્તિઓ માટે સિમિત છે
આમંત્રણ પત્રિકા માટે સંપર્ક કરો
(૧) સંજયભાઈ પ્રજાપતિ મો. ૯૪૨૬૩૮૧૩૦૨
(૨) દિનેશભાઈ શાહ મો. ૯૮૨૫૦૧૮૫૩૮
(૩) રાજકુમાર યાદવ મો. ૯૪૨૬૩૩૮૬૦૯
(૪) શશિકાંત આર્ય મો. ૯૯૭૯૮૮૧૦૯૬

**આયોજક**: આર્યસમાજ, અમદાવાદ

**વ્યવસ્થાપક**: વૈદિક સંસ્થાન, ઓઢવ

॥ओ३म्॥

## वानप्रस्थ साधक आश्रम
**Vaanprasth Saadhak Aashram**

(साधना, स्वाध्याय, सेवा तथा वैदिक विद्वान, वानप्रस्थियों एवं संन्यासियों के निर्माण हेतु भव्य परियोजना)

आर्य वन, रोजड़, पत्रा. : सागपुर, जि. साबरकांठा-३८३ ३०७, गुजरात, भारत
Aaryavan, Rojad, Po. : Sagapur, Dist. : Sabarkantha-383 307, Gujarat, India

दिनांक : १३/०६/२०१४

समादरणीय श्रीयुत,
सादर नमस्ते !

वानप्रस्थ साधक आश्रम, आर्यवन, रोजड़ की ओर से प्रचारार्थ सत्यार्थ प्रकाश (गुजराती भाषा) का २५ वां संस्करण प्रकाशित हो रहा है। पिछला संस्करण हमने प्रचार हेतु १५-१५ तथा ३०-३० रुपये में वितरीत किया तथा हजारों प्रतियाँ भेंट रूप में प्रदान की गई।

यह नया संस्करण भी नये जिज्ञासुओं को भेंट रूप में या लागत मूल्य से भी कम (लगभग ५० रुपये) में वितरीत करेंगे। जिन महानुभावों तथा समाजों को अग्रिम ग्राहक बनना हो वे शीघ्र निम्न पतें पर या ईमेल द्वारा सूचित करें। कम से कम १०० प्रति के अग्रिम ग्राहक बनने वाले के नाम व पते पुस्तक में प्रकाशित किये जायेंगे। इस प्रकाशन की सूचना कृपया अपने परिवारजनों, मित्रों तथा समाजों में भी सूचीत करें।

धन्यवाद!

व्यवस्थापक
वैदिक वाड्मय प्रकाशन
वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, गुजरात

संपर्क :
व्यवस्थापक : श्री रणसिंह जी आर्य
'वैदिक वाङ्मय प्रकाशन', वानप्रस्थ साधक आश्रम
आर्यवन, रोजड़, पो.सागपुर, जि.साबरकांठा, गुजरात-३८३३०७
दूरभाष : (२७७०) २८७४१७, २९१५५५, ९४२७०५९५५०
Email : vaanaprastharojad@gmail.com

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

TEL : +91(02770) 287417, 291496, 291555, 291717 • EMAIL : vaanaprastharojad@gmail.com • WEBSITE : www.vaanaprastharojad.org

અગ્નિપથ(સાપ્તાહિક)

नीचं शय्यासनं चास्य सर्वदा गुरुसन्निधौ ।
गुरोस्तु चक्षुर्विषये न यथेष्टासनो भवेत् ॥
मनुस्मृति ०२(११८)

ગુરુની સમીપ નજીક રહેતી વખતે બ્રહ્મચારીણીની પથારી અને આસન હંમેશા ગુરુના આસનથી નીચા અથવા સાધારણ રહેવા જોઈએ અને ગુરુની આંખો સામે કદી મનમાની રીતે બેસવું ન જોઈએ અર્થાત્ શિષ્ટતાપૂર્વક બેસે.

**તંત્રી સ્થાનેથી....**

## મોંઘવારી અને સરકાર

મોંઘવારીમાં નોંધાયેલા આ ઉછાળા સામે, કશાં અસરકારક પગલાં કેન્દ્રસરકાર દ્વારા લેવાતાં હોય તેમ જણાતું નથી. આ અંગે, આપણે ત્યાં સરકાર દ્વારા બે પ્રકારના ભાવાંક ચલાવવામાં આવે છે. એક આંક જથ્થાબંધના ભાવો ઉપર આધારિત છે, જ્યારે બીજો આંક છૂટકના ભાવો ઉપર આધારિત છે. જથ્થાબંધના ભાવો ઉપર આધારિત મોંઘવારીનો આંક, અન્ય આંક કરતાં સ્વાભાવિક રીતે જ નીચો હોય છે. એટલે મોંઘવારી અંગેની ચર્ચાઓમાં સરકારી તંત્ર દ્વારા મોટે ભાગે જથ્થાબંધના ભાવો ઉપર આધારિત, મોંઘવારીના આંકનો જ ઉપયોગ થાય છે. જનતાની આ છેતરપિંડી સમાન ગણાય, કેમકે તેને દરેક વસ્તુ છૂટકના ભાવે જ ખરીદવાની હોય છે.મોટા ભાગના વિકસિત તથા વિકસતા દેશની સરકારો છૂટકના ભાવો ઉપર આધારિત આંકને જ મોંઘવારીની પારાશીશી તરીકે અપનાવે છે, જ્યારે આપણે ત્યાં આ બાબતમાં સરકારી તંત્ર દ્વારા 'બેવડાં ધોરણો' ચલાવવામાં આવી રહ્યો છે. એનડીએનો મુખ્ય શાસક પક્ષ કશું કરી શકે નહીં તો પણ, છેવટે આવાં બેવડાં ધોરણ રદ કરીને, છૂટકના ભાવો ઉપર આધારિત મોંઘવારીના આંકને વળગી રહેવાનું સૂચન સરકારી તંત્રને કરી શકે તે આમ કરે તો તેણે આમજનતાના હિતની દિશાની એક મહત્ત્વની કામગીરી બજાવી હોવાની આમજનતાને પ્રતીતિ થઈ શકે. શા માટે મુખ્યશાસક પક્ષ આવાં બેવડાં ધોરણો ચલાવી લે છે તે આમઆદમીની સમજમાં આવે તેમ નથી.અલબત્ત, મોંઘવારીને નિયંત્રણમાં રાખવાની પોતાની પ્રાથમિક જવાબદારીનો સ્વીકાર કરીને રિઝર્વ બેંકે મોંઘવારીને તેમ જ તે અંગેની અપેક્ષાઓને નિયંત્રણમાં રાખવાનાં પગલાં લેવા માંડ્યા છે, પરંતુ બીજી તરફ નાણાકીય ખાધને મર્યાદિત કરવામાં આવશ્યક પગલાં લેવાય નહીં ત્યાં સુધી મોંઘવારીની સપાટી આવશ્યક પ્રમાણમાં નીચે આવે તેવી અપેક્ષા રાખી શકાય નહીં, પરંતુ આ દિશાની કેન્દ્ર સરકારની નીતિ ભાગ્યે જ સંતોષકારક ગણાય. નાણાકીય ખાધને ઘટાડવાને નામે તે સમાજના નબળા વર્ગોને અપાતી રાહતોમાં કાપ મૂકવાનું પસંદ કરે છે, પરંતુ તવંગર વર્ગો પાસેથી લેણી થતી અબજો રૂપિયાની રકમો વસૂલ કરવાથી દૂર રહેવાનું તે પસંદ કરે છે!




ઘેર બેઠા ગુરુકુલમાં લટાર મારો...
www.santodhavramvedicgurukul.com


# વેદના સંવિધાનની છત્રછાયામાં સમસ્ત માનવજાતિને સંગઠિત કરો

ऋतेन देवः सविता शमायत ऋतस्य श्रृङ्गमुर्विया वि प्रपथे ।
ऋतं सासाह महि चित् पृतन्यतो मा नो वि यौष्टं सख्या मुमोचतम् ॥
- ऋग्वेद (८-८६-५)

અર્થ :- (દેવ: સવિતા) સંસારના પ્રેરક પરમાત્મા (ઋતેન) ઋતના = સત્યાનાં બળ વડે (શમાયતે) જગતમાં શાન્તિ સ્થાપિત કરે છે. તે જ પરમાત્મા (ઋતસ્ય શ્રૃંગમ્) સત્ય નિયમો = ઋતના કિરણોને (ઉર્વિયા) વિસ્તાર પૂર્વક (પપ્રથે) સર્વત્ર ફેલાવી રહ્યા છે. (ઋતમ્) આ જ ઋત (પૃતન્યત: ) શત્રુ=દુષ્ટોના (મહિ ચિત્ સાસાહ) ભયંકર બળોને પોતે જ નષ્ટ કરે છે. હે સ્ત્રી-પુરુષો ! તમે બંને (ન:) અમારી (સખ્યા) મિત્રતાથી (મા વિયૌષ્ટમ્) પૃથક્ = અલગ ન થાઓ. (મુમોચતમ્)અમને દુ:ખોથી અત્યન્ત મુક્તિ અપાવી મોક્ષ=આનન્દ અપાવવામાં સહાયક બનો.

વ્યાખ્યા :- આ વેદમન્ત્રમાં 'ઋતની' મહિમાનું સમ્યક્ વર્ણન છે. 'ઋત' શબ્દ વેદ અને વૈદિક સાહિત્યોમાં અત્યન્ત મહત્વનું સ્થાન ધરાવે છે. આ શબ્દનો અર્થ ઘણો વ્યાપક છે. 'ઋત' શબ્દની વ્યુત્પત્તિ 'ઋ' ધાતુમાં 'ક્ત' પ્રત્યય લગાડવાથી થાય છે. જે 'વસ્તુ' જ્ઞાનનું પ્રકૃષ્ટરૂપેણ પ્રદર્શન કરે છે અથવા જેમનો આધાર જ્ઞાન ઉપર અવલંબિત હોય છે, તે 'ઋત' છે. 'ઋત' માં 'ણ્યત્' પ્રત્યય લગાડવાથી 'આર્ય' શબ્દ વ્યુત્પન્ન થાય છે. 'આર્ય' શબ્દનો અર્થ છે = ઋતને સમજવાવાળા, ઋત પ્રમાણે વ્યવહાર = આચરણ કરવાવાળા અને ઋતના રક્ષક (ઋતપા) શ્રેષ્ઠલોકો માટે વેદમાં ઋતજાતા: (૩-૫૪-૧૩) અર્થાત્ ઋત અનુકૂળ (ન્યાયવ્યવસ્થાનુસાર) પેદા થનાર, ઋતજ્ઞા: (૫-૫૭-૮) ઋતને જાણવાવાળા, ઋતપા (૧-૧૧૩-૧૨) ઋતના પાલક = રક્ષક, ઋતવૃધ : (૧-૭૫-૧૦) ઋતના વિસ્તારક, જેવા શબ્દોના પ્રયોગ થયા છે. જે ઋત નથી તે 'અન્ + ઋત = અનૃત = ઝૂઠ' છે. મિથ્યાભાષણ = ઝૂઠથી વધારે ખરાબ કોઈ અપરાધ છે જ નહિ. 'ઋત' ને સમજવાવાળા આ જગતમાં વિશિષ્ટ ગુણોથી વિભૂષિત થતાં યશસ્વી થાય છે.

આધ્યાત્મિક તેમજ ભૌતિક વિષયોને 'ઋતપૂર્વક' શોધનો વિષય બનાવનાર મનુષ્ય સામાન્ય સર્વોત્કૃષ્ટ અવસ્થા = આર્યત્વ અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે. ઋતપૂર્વક = શાશ્વતનાં નિયમપૂર્વક જ આ જગત સત્તાસ્વરૂપે આપણી સામે પ્રત્યક્ષ છે. 'ઋત' એટલે દરેક કાર્યપદાર્થમાં સન્નિહિત ગૂઢ નિયમો. 'સૃષ્ટિ'નું સર્જન સૃષ્ટિકર્તામાં અધિષ્ઠિત ઋત = જ્ઞાનના આધારે જ સંભવે છે. સ્રષ્ટામાં રહેલી કર્તૃત્વકળાનું પ્રદર્શન ઋતાનુસાર સૃષ્ટિની દરેક વસ્તુ = પદાર્થમાં પ્રતિબિંબિત થઈ રહ્યું છે. દરેક પદાર્થનાં નાનામાં નાના સૂક્ષ્મતમ પરમાણુઓનાં સંયોગ ઋતપૂર્વક છે, જે પદાર્થના ઉપભોકતાના પ્રયોજનને યથાર્થરીતે સિદ્ધ કરનારો છે. કોઈ પણ ઉપાદાન પદાર્થ = કારણ પદાર્થ (Material Cause) ને હેતુપૂર્વક કાર્યસ્વરૂપમાં પ્રકાશિત કરી, મનુષ્ય આ જગતમાં પોતાના વિવિધ પ્રયોજનો સિદ્ધ કરતો દેખાય છે.

કોઈ પણ કાર્યપદાર્થને જોતાં આપણને ત્રણ બાબતોનું સ્મરણ તરત જ ઉપસ્થિત થઈ જવું જોઈએ. પ્રથમ તો દૃષ્ટ વસ્તુનું પ્રયોજન, બીજું તેમનો કારણ પદાર્થ અને ત્રીજું કારણ પદાર્થને કાર્યપદાર્થ =વસ્તુના સ્વરૂપમાં બુદ્ધિપૂર્વક લાવનાર નિમિત્ત પદાર્થ = વસ્તુનાં નિર્માતા. નિર્માતાના મસ્તિષ્કમાં રહેલું જ્ઞાન જ કર્મેન્દ્રિઓ વડે કારણ પદાર્થને કાર્યસ્વરૂપમાં રૂપાન્તરિત કરે છે. વિદ્યા = જ્ઞાન = ઋતના અભાવે કારણ પદાર્થને કાર્યભાવ = સદ્‌ભાવ = વસ્તુભાવમાં પરિવર્તિત કરવું અસંભવ છે.

વ્યક્તિ દુ:ખોથી છૂટવા અને નિત્ય સુખને પ્રાપ્ત કરવા નિત્ય પ્રયત્નશીલ રહી વિવિધલક્ષી યોજનાઓનું ચિન્તન-મંથન કરી, તેમને કાર્યાન્વિત કરવા કૃતિશીલ રહે છે. વિજ્ઞાનનું સંવર્ધન કરી પ્રાપ્ત ઉપાદાન પદાર્થો (Raw Material) ને કાર્યપદાર્થે (Products) નાં સ્વરૂપમાં પ્રાપ્ત કરી સુખ પ્રાપ્તિ માટેનો પુરૂષાર્થ



**વેદવાણી**
-અવધેશપ્રસાદ પાંડેય (ગાંધીનગર) - ૦૧

સતત્ કરવાનો એટલે કે અત્યારે વિદ્યાભ્યાસનો એક માત્ર ધ્યેય ભૌતિક ભોગ્ય પદાર્થોનું ઉત્પાદન અને અનિયંત્રિત સંગ્રહ = પરિગ્રહ. અપરાવિદ્યા = ભૌતિક વિજ્ઞાનને ધારણ કરી જગતમાં પ્રાપ્ત તમામ પદાર્થોને પોતાની સેવાર્થે પ્રસ્તુત કરાવવાની વિનાશકારી કુચેષ્ટા જ આજના માનવીનું 'ધ્યેયસૂત્ર' બની ગયું છે. વસુંધરા = રત્નધારિણી પૃથિવી માતાના ગર્ભમાં સંગ્રહિત તમામ આવશ્યક પદાર્થોનું અતિશય દોહન કરી આજનો લઘુ = સંકીર્ણ દૃષ્ટિવાળો માનવી આવનાર પેઢીઓ અને સૃષ્ટિ-જીવન માટે અપૂર્ણનીય ક્ષતિ કરી અશાંતિ પેદા કરી રહ્યો છે. સંસારમાં 'શાંતિ-સ્થાપન' કરવાના હેતુસર માનવીય ગુણોમાં ઉત્તરોત્તર હ્રાસ, આપણા બધાને માટે અત્યન્ત ચિન્તાનો વિષય છે.

સૂર્ય, ચંદ્ર, પાણી, પથિવી, અગ્નિ, વાયુ વગેરે કાર્ય પદાર્થો (Created Object materials) જગતમાં શાંતિદૂત તરીકે અહર્નિશ સક્રિય છે. આ 'શાન્તિસ્થાપકો' જો એક ક્ષણ માટે પણ નિષ્ક્રિય થઈ જાય તો પોતાની જાતને શાન્તિદૂતોનો 'અધિનાયક' કે 'સમ્રાટ' કહેનારાઓને ભાન થઈ જાય કે સાચા અર્થમાં શાન્તિ-સુખ આપનાર કોણ છે.

માનવીય વ્યવસ્થાથી સ્થાપિત રાજ્ય-વ્યવસ્થા વડે જે શાન્તિના દૂતો છે, તે જ આજના મનુષ્યને દેખાય છે, અર્થાત્ પરમાત્માની શાસન વ્યવસ્થાને તો બુદ્ધિથી સ્વીકારતો જ નથી. રાજ્ય-વ્યવસ્થા અથવા શાસન વ્યવસ્થા પોતાની આવડત = ઉત્કૃષ્ટ પ્રશાસન શૈલીથી પ્રજામાં સુખ-શાન્તિ કાયમ બની રહે, તેવા પ્રયત્નો અનેક વિધિઓ દ્વારા કરે છે. પોતાની રાજ્યભૂમિ ઉપર નિવાસ કરતાં દરેક જીવધારી = પ્રાણધારીને સુરક્ષા આપવાનું આશ્વાસન પ્રમુખ હોય છે. આજે રાજ્ય-વ્યવસ્થા દ્વારા સ્થાપિત નિયમો (Laws) બધા જ પ્રાણીઓની રક્ષાર્થે ન રહીને મોટા ભાગે મનુષ્ય માત્રને જ લાગુ પડે છે. તેઓ માને છે કે મનુષ્યને જ ફક્ત સુખ-શાન્તિની જરૂર છે, બાકીના બધા તો મનુષ્યની ભોગ સામગ્રીઓ (Material Objects to enjoy and recreate) છે. પશુ, પક્ષી, કીટ, પતંગ, વનસ્પતિ જગત તેમજ વન્ય-પ્રાણીઓને પોતાની વિકૃત અને ક્રૂર તૃષ્ણાઓને સંતોષવા અર્થે જ દુરૂપયોગ અને નાશ કરવામાં આવી રહ્યો છે. પરિણામ સ્વરૂપે આપણી પૃથિવી ઉપર ક્ષણે-ક્ષણે સુખ-શાન્તિ-સમાધાનનાં સ્થાને દુ:ખ-અશાન્તિ= ઉદ્વિગ્નતા સ્થાપિત થઈ રહ્યા છે.

**અધિષ્ઠાતા બ્રહ્મ પોતાને આશ્રિત રહેલી જડ પ્રકૃતિને જીવનના કલ્યાણાર્થે યથાતથ્ય ઉપસ્થિત કરી સુખ-શાન્તિ-કલ્યાણની સ્થાપના અનાદિ-અનન્તકાળથી કરતા આવ્યાં છે.**

મનસ્વી રીતે આડેધડ આચરવામાં આવતાં નિકૃષ્ટ = નિષિદ્ધ કર્મો સર્વનાશને આમંત્રણ આપે છે. ઋતપૂર્વક = શાસ્ત્રપૂર્વક = અનુશાસનપૂર્વક આચરવામાં આવતાં શ્રેષ્ઠકર્મો = સત્કર્મો સર્વ રક્ષણનું આશ્વાસન અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. પોતાની બુદ્ધિ, જ્ઞાન અને સાધનો વડે ઉદ્વિગ્ન = પીડિત પ્રાણીનાં 'તપન' ને શમન કરનાર બનો.

ऋतेन देवः सविता शमायत = હે દ્વિત્વગુણોથી યુક્ત, સર્વ ઐશ્વર્યોનાં પ્રદાતા અને સૃષ્ટિકર્તા ઈશ્વર ! પોતાના ઋત = શાશ્વત નિયમેં (Universal Laws) વડે અમને શાન્તિ પ્રદાન કરો; આપ પોતાનાં શાશ્વત ગુણો વડે શાન્તિ-પ્રદાયક છો.

આ જગત ઈશ્વરનું ઐશ્વર્ય છે. ઈશ્વર પ્રકૃતિ (માયા)ને વિવિધ રૂપોમાં પ્રકાશિત કરી પોતાની અન્દર રહેલા 'ઋત' ને પ્રકટ કરે છે. બ્રહ્મ પોતાના અધિષ્ઠાનમાં રહેલી પ્રકૃતિ (માયા)ને ઋતપૂર્વક અને તપપૂર્વક = સામર્થ્યપૂર્વક અભિવ્યક્ત કરી, આપણી સામે બ્રહ્માંડના સ્વરૂપમાં પોતાના ઐશ્વર્યનું દર્શન કરાવી રહ્યા છે. બ્રહ્મનું ઈશ્વરત્વ એટલે નિષ્ચેષ્ટ માયારૂપ પ્રકૃતિને શાન્તિ આપનારી વિભૂતિના સ્વરૂપમાં ફેરવી આપવું. માયા અને પ્રકૃતિ સમાનાર્થી શબ્દો છે. ઈશ્વર માયાનો = પ્રકૃતિનો અધિષ્ઠાતા છે. અધિષ્ઠાતા બ્રહ્મ પોતાને આશ્રિત રહેલી જડ પ્રકૃતિને જગતના કલ્યાર્થે યથાતથ્ય ઉપસ્થિત કરી સુખ-શાન્તિ-કલ્યાણની સ્થાપના અનાદિ-અનન્તકાળથી કરતાં આવ્યા છે. કાળાન્તરે મનુષ્યોએ માયાને = પ્રકૃતિને અનિર્વચનીય = અભાવ પદાર્થની ભૂમિકામાં મૂકી, શાન્તિ-પ્રાપ્ત કરાવનારી સાધિકાના સ્થાને અશાન્તિ પ્રાપ્ત કરાવનારી બાધિકાના સ્થાનમાં મૂકી દીધાં. સાધન પ્રત્યેનો આ દંભી અભિગમ મનુષ્યને ભ્રાન્તિયુક્ત બનાવી દિશાવિહીન બનાવી રહ્યો છે. જગત મિથ્યા નથી, જગત સત્ય છે પણ શાશ્વત નથી. જગત વડે શાન્તિ પ્રાપ્ત કરાવવાની વ્યવસ્થા પ્રવાહથી શાશ્વત છે. વ્યવસ્થા શાશ્વત હોય તો વ્યવસ્થાપક અને વ્યવસ્થાનો લાભ લેનાર સુખ-શાન્તિની ચાહનાવાળો પણ શાશ્વત હોવા જોઈએ.

(ક્રમશ:)

ભરૂચમાં વૈદિક તત્ત્વજ્ઞાન અને યોગ પર સ્વામી શાંતાનંદજીનાં પ્રવચન

# 'જો આગામી જન્મ મનુષ્યનો પ્રાપ્ત કરવો હોય તો શ્રેષ્ઠ કર્મો કરવાં અનિવાર્ય છે' - શ્રી સ્વામી શાંતાનંદજી સરસ્વતી

આર્યસમાજ ભરૂચના એક સો બાવીસમા સ્થાપના દિનની ઊજવણીના ભાગરૂપે શહેરમાં એક દિવસીય વૈદિક સત્સંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુર, કચ્છના આચાર્ય શ્રી સ્વામી શાંતાનંદજી સરસ્વતી 'દર્શનાચાર્ય'ને પ્રવચન આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. તા. ૧૫મી જૂન રવિવારના રોજ ભરૂચના વિશ્વકર્મા ભુવન ખાતે બે સત્રમાં વૈદિક સત્સંગનો આ કાર્યક્રમ સુંદર રીતે યોજાયો.


પ્રથમ સત્ર સવારે આઠ વાગે શરૂ થયું, જેમાં વૈદિક સંધ્યા, પ્રાત:કાલીન હવન અને ભજન બાદ આર્યસમાજ દ્વારા શ્રી સ્વામી શાંતાનંદજીનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ભાવેશ મેરજાએ વક્તાનો વિશદ પરિચય આપ્યો અને ડિસેમ્બર ૧૮૭૪માં મહર્ષિ દયાનંદની ભરૂચ યાત્રાની તથા ૧૮૯૨માં ભરૂચમાં આર્યસમાજ સ્થાપિત થયાની ટૂંકમાં ચર્ચા કરી. પછી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા જિજ્ઞાસુઓ સમક્ષ શ્રી સ્વામી શાંતાનંદજીએ ઈશ્વર, જીવ અને પ્રકૃતિના દાર્શનિક સ્વરૂપનું ખૂબ જ સુગમ અને રોચક શૈલીમાં પ્રતિપાદન કરતાં જણાવ્યું કે, આ ત્રણ અનાદિ મૂળભૂત સત્તાઓના સ્વરૂપનું વ્યાવહારિક જ્ઞાન થવાનું નામ તત્ત્વજ્ઞાન છે. તેમણે આ પ્રસંગે વેદોનો પ્રસિદ્ધ 'દ્વા સુપર્ણા સયુજા સખાયા...' મંત્રની વિસ્તારથી વ્યાખ્યા કરી વૈદિક દર્શનની રૂપરેખા સમજાવી. તેમણે જણાવ્યું કે મનષ્યનું સર્વોચ્ચ લક્ષ્ય મોક્ષ અથવા મુક્તિ પ્રાપ્ત કરવી છે. જો આગામી જન્મ મનુષ્યનો પ્રાપ્ત કરવો હોય તો શ્રેષ્ઠ કર્મો કરવાં અનિવાર્ય છે. પંચમહાયજ્ઞ તથા સ્વાધ્યાય-સત્સંગના પાલનથી તથા અનાચાર-અધર્મથી પૃથક્ રહેવાથી ઈશ્વરીય ન્યાય વ્યવસ્થા અનુસાર આગામી જન્મ મનુષ્યની યોનિમાં પ્રાપ્ત કરી શકાય છે; નહિ તો પશુ-પક્ષી વગેરે હીન યોનિઓમાં જન્મ લેવો પડે છે.

શ્રી સ્વામી શાંતાનંદજીએ સાંજના સત્રમાં યોગનાં આઠેય અંગોની વ્યાખ્યા કરી, ઈશ્વરનાં



ઓમ્ અને આનંદ વગેરે નામોથી તથા ગાયત્રી મંત્ર વગેરેના માધ્યમથી જપ કરવાનો વિધિ શિખવાડી, ક્રિયાત્મક યોગનું પ્રશિક્ષણ આપ્યું. મુક્તિ માટે શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા તથા સમાધાન તેમ જ વિવેક, વૈરાગ્ય અને મુમુક્ષુત્વની અનિવાર્યતા પર પ્રકાશ ફેંક્યો. આ ઉપરાંત અનેક મંત્રો તથા સંસ્કૃત સુભાષિતોને ટાંકી ઈશ્વર પ્રાપ્તિ માટે મનુષ્યએ કેવો ઉત્તમ વ્યવહાર કરવો જોઈએ એ સંબંધી ઉપદેશ કર્યો.

વિદ્વાન પ્રવક્તાએ બંને સત્રોમાં જિજ્ઞાસુઓએ ઊઠાવેલી શંકાઓનાં સમાધાનો પણ કર્યા. આ પ્રસંગે આર્યસમાજના સભ્યો દ્વારા પ્રભુ-ભક્તિનાં સુંદર ભજનો ગાવામાં આવ્યાં અને વૈદિક ધર્મની સમજૂતી આપતાં અનેક સુંદર પુસ્તકો બહોળી સંખ્યામાં શ્રોતાઓને ભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં. કાર્યક્રમના અંતે સહભોજન રાખવામાં આવ્યું. આર્યસમાજ ભરૂચના પ્રધાન શ્રી મનસુખભાઈ ગાંભવા, મંત્રી શ્રી નાથુભાઈ ડોડિયા, કોષાધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ જાદવ, ઉપમંત્રી શ્રી પરેશભાઈ કટારિયા તથા શ્રી લક્ષ્મણભાઈ વગેરેના પરિશ્રમથી આ કાર્યક્રમ ખૂબ જ અસરકારક અને સફળ રહ્યો.


દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ


સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુરના આચાર્ય

# સ્વામી શાંતાનંદજી દ્વારા શિબિરોના માધ્યમથી સઘન વેદ પ્રચાર કરાયો

મે મહિનાની શરૂઆતમાં જ ગુરુકુળ ભવાનીપુર ખાતે યોજાયેલી આર્યવીર દળની શિબિર સંપન્ન થતાંની સાથે જ સ્વામી શાંતાનંદજી હવાઈ માર્ગે છત્તીસગઢ પહોંચ્યા હતા અને ત્યાં ચાલી રહેલી પ્રાંતીય આર્યવીર દળ શિબિરમાં સ્વામીજીએ આર્યવીરોને બૌદ્ધિક પ્રશિક્ષણ પ્રદાન કર્યું હતું. શિબિરના અંતિમ ચરણમાં યોજવામાં આવેલી વિશાળ શોભાયાત્રમાં પણ સ્વામીજીએ આર્યવીર દળના સંચાલક સ્વામી દેવવ્રતજી તથા છત્તીસગઢ પ્રાંતીય સભાના પ્રધાન આચાર્ય અંશુદેવજી સાથે રહીને શોભાયાત્રામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

છત્તીસગઢમાં શિબિરની સમાપ્તિ પછી તરત જ સ્વામી શાંતાનંદજીએ અખિલ ભારતીય દયાનંદ સેવા શ્રમ સંઘ તથા આર્યસમાજ રાણીબાગ, દિલ્લી દ્વારા આયોજીત વૈચારીક ક્રાંતિ શિબિરમાં ભાગ લીધો હતો.. ત્યાં શિબિરાર્થીઓને યોગ-ધ્યાનનું પ્રશિક્ષણ સ્વામીજી દ્વારા આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમણે અનેક વૈદિક




વિષયો પર પ્રેરક પ્રચવન આપ્યું હતું. આ શિબિર દરમ્યાન જ સ્વામી શાંતાનંદજીએ આર્યસમાજ જનકપુરી ખાતે સતત ૪ દિવસ સુધી વિવિધ વિષયો પણ વ્યાખ્યાન આપ્યું હતું. સ્વામીજીએ આર્યસમાજ, હરીનગર ખાતે ચાલી રહેલી સંસ્કૃત ગુરુકુલમાં પણ બ્રહ્મચારીઓને ઉપદેશ આપ્યો હતો. સ્વામીજીની સાથે ગુરુકુલ ભવાનીપુરથી આવેલા શ્રી યોગેશ શર્માએ પણ વૈચારિક ક્રાંતિ શિબિરમાં શિબિરાર્થીઓને ભણાવવાનું કાર્ય કર્યું હતું. ગુરુકુલ ભવાનીપુરના બ્ર. અંજન આર્યએ પણ આ શિબિરમાં ભાગ લઈને પુરોહિતનું પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

દિલ્લીથી પરત આવ્યા બાદ સ્વામીજીએ આર્યસમાજ અંજારના જીર્ણોદ્ધારના કાર્યક્રમમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમના આરંભમાં વૈદિક યજ્ઞ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સ્વામીજીએ આર્યસમાજ અને બ્રહ્મસમાજની એકતાને બિરદાવતા કહ્યું હતું કે સાથે મળીને જ ચાલવું જોઈએ. બ્રહ્મસમાજના અગ્રણી શ્રી દિનેશ રાવલે પ્રત્યેક રવિવારે સાપ્તાહિક હવન-સત્સંગ કરવાની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આર્યસમાજ અંજારના મંત્રી શ્રી કાંતિભાઈ પટેલ તથા બ્રહ્મસમાજના સભ્યો દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યું હતું.

# બ્રિટિશ સરકારની દાનત સુભાષને ભારતની બહાર જ રાખવાની હતી



ભારતની સ્વતંત્રતાના વીર નાયક

## સુભાષચંદ્ર બોઝ

-ચૈતન્ય દેસાઈ (૧૧)


આ દિવસોમાં હિટલર જર્મનીમાં સત્તાસ્થાન પર આવી ગયો હતો અને તેનું જાત્યાભિમાન પૂરજોશમાં પ્રગટતું હતું. હિટલરે 'માઈન-કામ્ફ'ની તેની આત્મકથામાં એક જગ્યાએ હિંદુસ્થાન વિશે અને શ્વેત પ્રજા સિવાયની જાતિઓ વિશે અપમાનજનક શબ્દો વાપર્યા હતા. સુભાષબાબુએ આનો જોરદાર વિરોધ કર્યો. પાછળથી હિટલરે તેના વિધાનને સુધારતાં જણાવ્યું કે "મારા કથનમાં ભારત અને જાપાનની પ્રજાનો સમાવેશ થતો નથી."

આવનાર ભીષણ યુદ્ધના ભણકારા હવે ચોખ્ખા સંભળાઈ રહ્યા હતા. સુભાષબાબુ ઝીણવટથી વિશ્વપ્રવાહોનું અવલોકન કરી રહ્યા હતા. આવનારા યુદ્ધને ભારતની આઝાદીની તકમાં ફેરવી નાખવા તેઓ તૈયારી કરી રહ્યા હતા. તેઓ આયર્લેન્ડ જઈ ડી. વલેરાને મળ્યા. તેમની સાથે મૈત્રી કેળવી. બ્રિટન સામે સ્વાતંત્ર્યનો સંગ્રામ ખેલનાર આયર્લેન્ડનો ઈતિહાસ અને તેનો વ્યૂહ ડી. વલેરા પાસેથી જાણ્યો. તેમની સાથે વાટાઘાટો કરી તથા આયર્લેન્ડમાંથી આંતરરાષ્ટ્રીય સમાચારપત્રોને માહિતી પહોંચાડી શકાય તે માટે ત્રણ ભાષામાં બુલેટીનો પ્રકાશિત કરવાની ગોઠવણ કરી. ભારતની આઝાદીની યોજનાઓના ઘડતર માટે દરેક પાસાનો ચીવટપૂર્વક અભ્યાસ તેઓ કરતા રહ્યા.

શ્રીમતી કમલા નહેરુ બીમાર સ્થિતિમાં ૧૯૩૫માં સારવાર માટે વિયેના આવ્યા અને એ સમયે પંડિત નહેરુ જેલમાં હતા. ત્યારે સુભાષ એમની તહેનાતમાં રહ્યા. શ્રીમતી કમલા નહેરુને વિયેનાથી જર્મની લઈ જવાની સલાહ મળી ત્યારે પણ સુભાષબાબુ તેમની સાથે ગયા. સ્વિત્ઝર્લેન્ડની લુસાનની હોસ્પિટલમાં છેલ્લા કેટલાક મહિનાથી જવાહરલાલનાં પત્નિ કમલા નહેરુ ગંભીર બીમારીને કારણે પથારીવશ હતા. સ્વિત્ઝર્લેન્ડનો બરફ, અંગ થિજાવી દેતી ઠંડી ભયાનક હતી ! કમલાના એ અંતિમ દિવસો ભયંકર હતા ! રાતની રાત એમની પાસે ઈન્દિરાની સાથે ફક્ત ડૉ. અટલ અને સુભાષચંદ્ર જ હતા. પોતાની માંદગીની પરવા કર્યા વગર સુભાષ પેરિસ આવી પહોંચ્યા હતા. એમનો સેવાભાવ, તલસાટ અને એમના સહવાસમાં વિતાવેલી આહ્‌લાદક ક્ષણો ભૂલી શકાય તેવી નહોતી. સ્વિન્ઝર્લેન્ડનાં હિમાચ્છાદિત શિખરોમાં અને વિસ્તીર્ણ તળાવોની ગૂઢ સંગમાં કમલાના અંતિમસંસ્કાર કરીને, એમને દૂર દેશમાં કાયમ માટે છોડીને જવાહરલાલ પાછા ફર્યા ત્યારે તેમનો આધાર સુભાષ જ હતા. વિયેનાના એરપોર્ટ પર બરફ પડતો હતો ત્યારે સુભાષની અને એમની નિર્માયેલી એ છેલ્લી મુલાકાત ! બંને ઉદ્દામ નેતાઓ વચ્ચે ઉભા થયેલા વિચાર, રીતિ અને દ્રષ્ટિના ભેદ છતાં સુભાષે નૈતિક ફરજ નિષ્ઠાથી બજાવી. બંને વચ્ચેનું અંતર ઓગળી ગયું. ૧૯૩૬માં લખનૌ ખાતે કોંગ્રેસનું અધિવેશન પંડિત નહેરુના પ્રમુખપદે મળવાનું હતું. જવાહરલાલે આખા દેશ વતી એવી ઈચ્છા વ્યક્ત કરી કે સુભાષબાબુ દેશમાં આવી કોંગ્રેસના કાર્યમાં સામેલ થાય. સુભાષબાબુને વિયેના ખાતે કોંગ્રેસનું વિધિસરનું આમંત્રણ પણ મોકલવામાં આવ્યું. બ્રિટિશ સરકારની દાનત સુભાષને બહાર જ રાખવાની હતી અને સરકારે જાહરે કર્યું કે સુભાષચંદ્ર બોઝે હવે ભારતમાં પાછા ફરવાની બિલકુલ આશા નહીં રાખવી જોઈએ. જો આવશે તો તેમને પકડી લેવામાં આવશે.

સુભાષે આવી જાહેરાતને આહ્‌વાનરૂપ માની ભારત તરફ પ્રયાણ કર્યું. મુંબઈના કિનારે પગ મૂકતાં જ તેમની ધરપકડ કરી લેવામાં આવી. તેમને યરવડા જેલમાં લઈ જવાયા. લખનૌ અધિવેશનમાં તેઓ ભાગ લઈ શક્યા નહીં. પરંતુ જવાહરલાલે તેમને કારોબારી સમિતિમાં લીધા. તેમની તબિયત ઠીક ન હોવાથી તેમને દાર્જિલીંગ લઈ જવાયા અને તેમના ભાઈના ઘરમાં જ નજરકેદ રાખવામાં આવ્યા. કેન્દ્રીય ધારાસભામાં કોંગ્રેસે આ બાબતે વાંધો ઉઠાવ્યો. પરંતુ સુભાષ હિંસક વિચાર સરણી ધરાવે છે, ઉપરાંત આઈરીશ ક્રાંતિકારીઓ તથા ભારતનાં ક્રાંતિકારીઓના સંપર્કમાં છે તેમ જણાવી સરકારે આવા વાંધાની અવગણના કરી. ૨૦મી એ તો આ મુદ્દે ભારતભરમાં હડતાલ પડી, પરંતુ સરકારે મચક ન આપી. આખરે તેમની વધુને વધુ લથડતી તબિયતને લીધે ૧૯૩૯ના માર્ચ માસમાં વિના શરતે સરકારે નજરકેદ ઉઠાવી લીધી. થોડો સમય ડેલહાઉસીમાં રોકાયા. ડેલહાઉસીના ડૉક્ટર ધર્મવીરે તેમના ઉપચાર કર્યા. ત્યાંથી સારા થઈને સુભાષ કલકત્તા ગયા અને તેમના ભાઈની સાથે રહેવા લાગ્યા. ત્યાં પણ ૧૯૩૭માં કલકત્તા કોંગ્રેસ અધિવેશનમાં સામેલ થયા પછી તેમને હવાફેર ફરી યુરોપ જવું પડ્યું. આ વખતે તેમને બ્રિટન જવા પર પ્રતિબંધ ફરમાવાયો હતો. (ક્રમશઃ)

# શરીર, મન વગરેને ખરાબ કાર્યોથી રોકવા અને ધર્મમાં લગાવવા



## સત્યોપદેશ - ૨

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (ચુકે)
૦૮

૩. **વિવેચન :- રોગી અવસ્થામાં ઉપાસના સંબંધી મળેલાં થોડા વ્યક્તિગત અનુભવ -**

આ પરિસ્થિતિમાં બહારની વસ્તુઓમાં પ્રેમ, તેમાં સુખ માનવું, તેનો પ્રયોગ કરવો, ભલે તે ધાર્મિકરૂપમાં હોય કે અધાર્મિક રૂપમાં, તેને છોડીને મનુષ્ય જ્યારે કેવળ ઈશ્વરમાં જ જો તલ્લીન થાય તો ઈશ્વર તરફથી તેને સુખ, જ્ઞાન, ધૈર્ય, સહનશીલતા વગેરે પ્રાપ્ત થાય છે.

જ્યારે રોગની સ્થિતિ અતિ તીવ્ર થઈ જાય છે ત્યારે ઈશ્વરની ઉપાસના ભંગ થઈ જાય છે, રોગ પૂરી રીતે અનુભવમાં આવવા લાગે છે. પરંતુ તે સમયે પણ તેનામાં સહનશક્તિ, ધૈર્ય હોય છે. તે રોતો-કકળતો નથી હતો.

ઉપાસનાના બાધકોને હટાવવા :-

- આત્મા પર પૂર્ણ નિયંત્રણ રાખવા માટે અત્યંત પુરુષાર્થ જરૂરી છે. કારણ કે ઘણુંખરું વ્યક્તિને ખબર નથી પડતી કે ક્યો વિષય મેં ક્યારે ઉઠાવી લીધો છે. તેનો ઉપાય સત્યાર્થ-પ્રકાશમાં ષટ્ સંપત્તિમાં લખેલ છે - શરીર મન વગરેને ખરાબ કાર્યોથી રોકવા અને ધર્મમાં લગાવવા. જેવી રીતે ઉપાસના કાળમાં વ્યક્તિ ધ્યાન કરે છે - **ઓ૩મ્ ભૂઃ**, હે ઈશ્વર ! આપ પ્રાણોના પણ પ્રાણ છો. એટલીવારમાં બીજા વિચાર કરી લે છે. તેનું કારણ એ છે કે એક સમયમાં બે વસ્તુઓની ઈચ્છા કરવી. આ બધું એટલી તીવ્રતાથી થાય છે કે વ્યક્તિને તે ખબર પણ પડતી નથી કે તેણે એ વિચાર કેવી રીતે ઉઠાવ્યો. કલાકો સુધી એવી સ્થિતિ બનેલી રહે છે પછી જ ખબર પડે છે. કોઈ અલ્પ સમયમાં પકડી લે છે, કોઈને વધુ સમય લાગે છે. આ પ્રકારે તેના અનેક સ્તર પણ હોય છે
- મનને વિષયમાં જાય તે પહેલાં જ રોકી લેવું તે ઉત્તમ સ્થિતિ છે. મનને વિચારપૂર્વક, જ્ઞાનપૂર્વક કોઈ વિષયમાં ચલાવવું- આ સ્થિતિ લાંબો અભ્યાસ, પુરુષાર્થ, તપ, ત્યાગથી આવે છે. તેને માટે અપરિગ્રહનું માનસિક રૂપમાં પાલન થવું જોઈએ. આ ઘણું કઠિન છે. થોડા અભ્યાસ અને પ્રયત્નથી આ કાર્ય સિદ્ધ થતું નથી. પ્રથમ આત્મા અને અંતઃકરણથી અશુભ કર્મ કરવાની ઈચ્છાને દૂર કરવામાં આવે છે.
- એક રીત એ છે કે વિષયોમાં તીવ્ર ઈચ્છા થાય ત્યારે એક તો ખબર પડતાં જ તેને તત્કાળ રોકી દેવી.
- બીજું - લાંબા કાળે ખબર પડે ત્યારે પણ તત્કાળ રોકી દેવી.
- ત્રીજુ - લાંબા કાળે ખબર પડે અને તત્કાળ ન રોકી શકાય તો પછી લાંબા કાળ પછી રોકવી.
- ચોથું - ઘણાં પ્રયાસ કરવા છતાં પણ ન રોકી શકવી.

જેમ કે સુંદર રૂપની સ્મૃતિ ઉઠાવી લધી અને ઉઠાવતાં જ ખબર પડી ગઈ કે આ તો અનુચિત છે, ખરાબ છે, તેને બંધ કરી દેવી જોઈએ અને પછી તેને રોકી દીધી.

બીજું જેમ કે સુંદર રૂપની સ્મૃતિ ઉઠાવી લીધી અને જોવા લાગી ગયાં. જોતાં જોતાં એક મિનીટ, બે મિનીટ વિત્યા પછી લાગ્યું કે આ તો અનુચિત છે, ખરાબ છે, તેને બંધ કરી દેવું જોઈતું હતું, અને પછી રોકી દીધું.

ત્રીજું જેમ સુંદર રૂપની સ્મૃતિ ઉઠાવી લીધી અને જોવા લાગી ગયાં. જોતાં જોતાં એક મિનીટ, બે મિનીટ વિત્યા બાબ લાગ્યું કે આ તો અનુચિત છે, ખરાબ છે, તેને બંધ કરી દેવું જોઈતું હતું અને પછી રોકવા લાગ્યા પછી એક, બે મિનીટ વીતી ગઈ.

એવી ત્રીજી સ્થિતિમાં બહુ જ પ્રયત્ન કરવા છતાં પણ રોકી ન શક્યો અને કહેવા લાગ્યો - ચાલો, કોઈ વાંધો નહીં, જોતા રહો, આગળ જઈને પોતાની મેળે રોકાઈ જશે અને પછી વધારે હેરાન થઈને શોક-સાગરમાં ડૂબી જશે.

તેનાથી એક તો પુરાણા ભોગોના સંસ્કાર જાગે છે, નવા ઉત્પન્ન થાય છે, ફરી તે સંસ્કાર આગળ જઈને ભોગોને પ્રેરિત કરે છે. વ્યક્તિના મગજમાંથી આ વાત નિકળતી નથી કે મન-બુદ્ધિ પોતાની મેળે વિષયોમાં જતા નથી. પરંતુ પોતે પોતાની ઈચ્છા અને પ્રયત્નથી તેને મોકલે છે. પોતે પોતાને કર્તા નથી માનતો પરંતુ મન બુદ્ધિને કર્તા માની લે છે.

નિદાન :-

ઈશ્વરના ગુણ કર્મ-સ્વભાવ, વેદ, સૃષ્ટિક્રમ ઋષિકૃત ગ્રંથ, આઠ પ્રમાણ અને તેના વિરૂદ્ધ જે પણ વાત હશે, હું તે વાત માનીશ નહીં, કરીશ નહીં અને મારી વાત પણ તેનાથી વિરૂદ્ધ હશે તો જૂઠી માની. આ રીતે વ્યક્તિ પોતાની રક્ષા કરી શકે છે. (ક્રમશઃ)

## ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

३८

સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

द्यौः शान्तिरन्तरिक्षँ शान्तिः पृथिवी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः।
वनस्पतयः शान्तिर्विश्वे देवाः शान्तिर्ब्रह्म शान्तिः सर्वँशान्तिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि।।
(यजु.अ.३६/मं.१७)

**पदार्थ** :- हे मनुष्यों ! जो (**द्यौः, शान्तिः**) प्रकाशयुक्त पदार्थ शान्तिकारक (**अन्तरिक्षं, शान्तिः**) दोनो लोकों के बीच का स्थान शान्तिकारी (**पृथिवी शान्तिः**) भूमि सुखकारी निरुपद्रव (आपः, शान्तिः) जल वा प्राण शान्तिदायी (**ओषधयः शान्तिः**) सोमलतादि ओषधियां सुखदायी (**वनस्पतयः, शान्तिः**) वट आदि वनस्पति शान्तिकारक (**विश्वे देवाः शान्तिः**) सब विद्वान् लोग उपद्रव निवारक (**ब्रह्म शान्तिः**) परमेश्वर वा वेद सुखदायी (**सर्वं शान्तिः**) सम्पूर्ण वस्तु शान्तिकारक मेरे लिये होवे व (**शान्तिरेव शान्तिः मा एधि**) शान्ति ही शान्ति मुझको प्राप्त होवे (**सा**) वह (**शान्तिः**) शान्ति तुम लोगो के लिये भी प्राप्त होवे। (ऋ.दया.कृत यजु.भाष्य)

**भावार्थ** :- ईश्वर की आज्ञा है कि हे मनुष्यों ! जैसे प्रकाशादि पदार्थ शान्ति करने वाले होवें वैसे तुम लोग प्रयत्न करो। (ऋ.दया.कृत यजु.भाष्य)

**व्याख्यान १** :- हे सर्वशक्तिमन् भगवन् ! आपकी भक्ति और कृपा से ही (द्यौः) जो सूर्यादि लोकों का प्रकाश और विज्ञान है वह सब दिन हमको सुखदायक हो तथा जो आकाश में पृथिवी, जल, ओषधि, वनस्पति वट आदि वृक्ष, जो संसार के सब विद्वान्, ब्रह्म जो वेद, ये सब पदार्थ और इनसे भिन्न भी जो जगत् है वे सब सुख देने वाले हमको सब काल में हों कि सब पदार्थ सब दिन हमारे अनुकूल रहें, जिससे इस वेदभाष्य के काम को सुखपूर्वक हम लोग सिद्ध करें। हे भगवन् ! इस सब शान्ति से हमको विद्या बुद्धि विज्ञान आरोग्य और सब उत्तम सहाय को कृपा से दीजिये तथा हम लोगों और सब जगत् को उत्तम गुण और सुख के दान से बढ़ाईये अथवा सब प्रकार से बढ़ाईये। (ऋ.भा.भू.प्रार्थना विषय)

**व्याख्यान २** :- हे सर्वदुःख की शान्ति करने वाले ! सब लोकों से ऊपर जो आकाश सो सर्वदा हम लोगों के लिये शान्त (निरुपद्रव) सुखकारक ही रहे। अन्तरिक्ष = मध्यस्थ लोक और उसमें स्थित वायु आदि पदार्थ, पृथिवी, पृथिवीस्थ पदार्थ विश्वेदेव (जगत् के सब विद्वान्) तथा विश्वद्योतक वेदमन्त्र, इन्द्रिय, सूर्यादि, उनकी किरण, तत्रस्थ, गुण; ब्रह्म = परमात्मा तथा वेदशास्त्र, स्थूल और सूक्ष्म चराचर जगत् ये सब पदार्थ हमारे लिये हे सर्वशक्तिमन् परमात्मन् ! आपकी कृपा से शान्त (निरुपद्रव) सदानुकूल सुखदायक हों। मुझ को भी शान्ति प्राप्त हो जिससे मैं भी आपकी कृपा से शान्त = दुष्ट क्रोधादि उपद्रवरहित होऊँ, तथा सब संसारस्थ जीव भी दुष्ट क्रोधादि उपद्रव रहित हों। (आर्याभिविनय)

**टिप्पणी** - (क) सूर्य, पृथ्वी, जल, औषधि आदि पदार्थों के गुण वेदों से ठीक-ठीक जानकार समझकर व उन का प्रयोग करने से इन पदार्थों से सुख व शांति की सिद्धि होती है। जैसे गरम पानी कफ को तोड़ने वाला, अग्निदीपक, पित्त व वायु का अनुलोमक, तृषा नाशक कफ-वात ज्वररोगियों में हितकारी है। करंज के पत्ते वायु, बवासीर, कृमि व शोथ को अत्यन्त नष्ट करने वाले, मलभेदक, उष्ण, पित्तजनक व लघु होते हैं। अपचन में करंज के पत्तों को देते हैं। अपामार्ग की दातुन करने से कोई दाँत के रोग नहीं होते। इसके बीजों की खीर खाने से भूख नहीं लगती। बर्फ व चीनी जठराग्नि का नाश कर देते हैं ऐसा वैद्य लोग बताते हैं।

(ख) जैसे मनुष्य अपने लिये सुख व शान्ति चाहें वैसे ही दूसरों के लिए भी चाहें तथा यथाशक्ति इसके लिये प्रयास भी करें।

(ग) ईश्वर व विद्वान् हमारे लिये सुखदायी तब होंगे जब हम इनकी आज्ञाओं का स्वाध्याय, सत्संग के माध्यम से ज्ञान करके उन पर चलेंगे। (ક્રમશઃ)

## દર્શનયોગ મહાવિદ્યાલય
### વાર્ષિક પ્રગતિ વિવરણ
ભાગ - ૨

**सहयोगी** : वर्तमान में विद्यालय के साथ पुरानते व उत्साही सहयोगी के विधिवत् रुप से जुड जाने से ब्रह्माचारीयों की दिनचर्या व अध्ययन, योगाभ्यास का अवसर सुरक्षित रखते हुए विद्यालय के द्वारा अब प्रकाशन का कार्य भी विस्तृत रुप से किया जा रहा है। इसका दायित्व डॉ. राधावल्लभ जी चौधरी जबलपुर ने सहर्ष व श्रद्धया स्वीकार किया है। अतः विद्यालय की ओर से उनको सेवासाहित्यप्रचारप्रमुख के रुप में नियुक्त किया गया है । अब वे विद्यालय की ओर से प्रकाश तथा साहित्य सृजन हेतु भी अधिकृत माने जाऐंगे।

**धर्मप्रचार** - स्वामी विवेकानन्दजी के द्वारा वैदिक धर्म का प्रचार-प्रसार उंचे स्तर पर देश के अनेक प्रान्तों में अनवरत चलता रहता है । जिनमें निम्नलिखित कार्यक्रम महत्वपूर्ण रहे है -

१. अहमदाबाद नगर के विशाल वातानुकूल सभागृहो में एक दिवसीय शिविरों का अनेक बार आयोजन हो चूका है । जिनमें कर्मफल-सिद्धान्त, गृहस्थ जीवन को सुखी कैसे बनाऐं जैसे विषयों पर प्रवचन तथा शंका-समाधान हुआ और अधिकतम ग्यारह सौ तक शिविरार्थियों ने भाग लेकर ज्ञान का लाभ लिया। इन कार्यक्रमों की विडियो सी.डी. तथा एक पुस्तक अपने भाग्यनिर्माता आप भी तैयार हो चुकी है तथा दुसरी पुस्तक सुखी गृहस्थ तैयार होकर प्रकाशित होने जा रही है।

२. इसी प्रकार दिल्ली की संस्कृत अकादमी में योग व आयुर्वेद विभाग में योगदर्शन का व्यासभाष्य सहित आंशिक रुप में अध्यापन किया गया। इस कार्यक्रम में दिल्ली स्थित विश्वविद्यालयों के संस्कृत व दर्शन के अध्यापकों, शोध छात्रों तथा प्रशासनिक अधिकारीयों ने भाग लिया और विशुद्ध वैदिक योग के स्वरुप को जाना । आगे अपने जीवन को उत्कृष्ट बनाने हेतु व्रत संकल्प भी धारण किए।

३. चोटीपुरा कन्या गुरुकुल में सतत बीस दिनों तक चार-चार दर्शनों का अध्यापन व योग प्रशिक्षण किया।

इस प्रकार अन्य अनेक तीन-चार दिनों के योगप्रशिक्षण शिविर व वेदप्रवचन के कार्यक्रम भी पूरे वर्ष चलते रहे।

संस्था के अन्य विद्वानों तथा स्वामी ब्रह्मविदानन्द जी, ब्र. ईश्वरानन्द जी, ब्र. प्रियेश जी, ब्र. दिनेश कुमार तथा श्री ब्रह्मदेव जी ने अनेक स्थानों में आध्यात्मिक प्रवचन, यज्ञ, संस्कार तथा सत्संग आदि के रुप में प्रचार किया । संस्था के द्वारा दूरभाष, ई.मेल, वेब साइट तथा फेस बुक आदि संचार-माध्यमो से जिज्ञासुओं के लिए मार्गदर्शन तथा शंका-समाधान का कार्य होता रहा है।

**आशीर्वाद** - पूज्य गुरुदेव स्वामी सत्यपति जी का आशीर्वाद व दिशानिर्देश विद्यालय को सतत उपलब्ध रहता है । अनेक बार विद्यालय में पधारकर अथवा ब्रह्चारियों को अपने पास बंलाकर भी प्रेरणा व उपदेश से अनुप्राणित करते रहते हैं। इसी प्रकार अन्य सन्यासीयों, विद्वानों का भी आगमन विद्यालय में होता रहा है जिससे उनकी प्रेरणा, उपदेश, आशीर्वाद तथा शुभ सम्मति का लाभ विद्यालय व आर्यवन परिवार को भी प्राप्त हुआ । इन में स्वामी धर्मानंद जी, गुरुकुल आमसेना उडीसा, स्वामी ब्रह्मानन्द जी, वडलूर, आन्ध्रप्रदेश, स्वामी अमृतानन्द जी, योग आश्रम जमानी, मध्यप्रदेश, स्वामी सुधानन्द जी, श्रतिन्यास राउरकेला, उडिसा, डॉ. सोमदेव जी शास्त्री, मुम्बई, डॉ. कमलेश कुमार शास्त्री अहमदाबाद व डॉ. सुरेन्द्र कुमार जी शर्मा, (डी.ए.वी. प्रकाशन के निदेशक) प्रमुख रहे।

**विशेष सूचना** - आर्यवन के वार्षिक उत्सव के अवसर पर पूज्य स्वामी सत्यपति जी ने जो प्रेरणा व आशीर्वाद प्रदान किए थे उसे तथा विद्यालय के अन्य विद्वानों के प्रवचनों को देखने के कृपया इन्टरनेट पर हमारी youtube site (darshanyog) पर जाऐ।

**प्रकाशन** - वर्तमान सत्र में मुख्य रुप से आज का सुविचार कालान्तर (केलेण्डर) का प्रकाशन हुआ जिसकी लोक में बहुत अधिक ख्याति हुई तथा मांग बढी। इसी प्रकार जीवनोपयोगी सन्देश, सन्तान निर्माण, अपने भाग्यनिर्माता आप, सत्योपदेश भाग १ तथा भाग २ आदि की बहुत ही लोकप्रियता सामने आई। कर्मफल से सम्बद्ध दो आलेख (पोस्टर) तथा सरल योग से ईश्वर साक्षात्कार एवं तत्वज्ञान के नवीन संस्करण का प्रकाशन हो गया है । इनके अतिरिक्त प्रवचनों की विडियो सी.डी. भी प्रकाशित हुई है।

**वितरण** - विद्यालय में पधारने वाले देश-विदेश के सैंकडों अतिथियों व अन्य जिज्ञासुओं में साहित्य का वितरण हाथोंहाथ होता ही है तथा सूचित करने के साथ-साथ हजारों महनुभावों की सेवा में डाक एवं ट्रांसपोर्ट के माध्यम से साहित्य का प्रेषण हुआ। जैसे कि इस वर्ष की अवधि में लगभग पन्द्रह हजार पत्र, पैकेट व पार्सल भेजे गए। पुनरपिसामूहिक अवसरों पर यह लोकोपकार विशेष स्तर पर प्रायः सम्पन्न किया जाता है । जैसे कि दिसम्बर मास में साबरकांठा जिले के माध्यमिक तथा उच्चतर माध्यमिक विद्यालय के आचार्य संघ के वार्षिक अधिवेशन के अवसर पर स्वामी विवेकानन्द जी को आशीर्वचन हेतु आमन्त्रित किया गया था, जिसमें लगभग पांच सौ आचार्यो, अतिथि विशेषों एवं अधिकारी गण को गुजराती भाषा का सत्यार्थ प्रकाश, विद्यालय से प्रकाशित अन्य पुस्तकें तथा पत्रक भेंट किए गए जिनका मूल्य लगभग एक लाख रुपये था । इसका अतिरिक्त विद्वत्सम्मान, गोसेवा, तथा अन्त्येष्टि कर्म में तथा पाकृतिक आपदा में सहयोग किया गया।

**सम्मानप्राप्ति** - आर्य प्रतिनिधि सभा मुम्बई की ओर से स्वामी श्रद्धानन्द बलिदान दिवस समारोह पर विद्यालय को गुरुकुल संचालन हेतु पुरस्कार राशी, शोल व स्मृतिचिह्न, आदि से सन्मानित किया गया।

**आगामी योजना** - विद्यालय की स्तर वृद्धि व योगविद्या की रक्षा हेतु एक उच्चस्तरीय वार्षिक सघन योगसाधना शिविर का आयोजन अक्टुबर मास से होने जा रहा है। इसमें विशेष योग्यता वाले साधक शिविरार्थी भाग ले सकेंगे।

**कृतज्ञता** - विगत सत्ताइस वर्षों से विद्यालय को आर्यवन न्यास की ओर से सम्यक् निवास, सामान्य भोजन, पानी एवं सुरक्षा प्राप्त होती रही है । उसके इस सहयोग से ही विद्यालय सतत अग्रसर हो रहा है । आज भी विद्यालय आर्यवन न्यास की ओर से निश्चिन्त है। अतः हृदय से हम उन सभी न्यासी महानुभावो के प्रति शुभकामना व कृतज्ञता व्यक्त कर रहे है। इनका साथ विद्यालय के अन्य आप सभी शुभचिन्तकों अर्थात् सब प्रकार के तन-मन-धन से सहयोग करने वालों के प्रति धन्यवाद और हमारी शुभकामनाएं ज्ञापित कर रहे है।

# લુડવા ખાતે વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્યનું "મકાન કો કૈસે ઘર બનાયે" વિષય પર પ્રવચન યોજાયું

વડોદરા સ્થિત શ્રી લખમશીભાઈ વેલાણી તથા પૂનાના શ્રી દેવજીભાઈ વેલાણીના સંયુક્ત નવનિર્મિત ભવન 'આર્ય નિડમ'ના ગૃહ પ્રવેશ નિમિત્તે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ ગાંધીધામ સ્થિત પ્રખર વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્યની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. ગૃહ પ્રવેશની વિધિ બાદ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં શ્રી ચંદ્રેશજી આર્યએ મકાન કો કૈસે ઘર બનાયેં ? એ વિષય ઉપર ઉપસ્થિત ધર્મપ્રેમીઓને ઉદ્‌બોધન કર્યું હતું.

શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે મકાન વગરના જીવનથી વિશ્વના ઘણાં લોકો દુઃખી હશે. પણ મકાનમાં રહેતા લોકો જ્યાં સુધી મકાનને ઘર કેમ બનાવવું તેની ટેકનીક નહીં જાણતા હોય તેવા દુઃખી લોકોની સંખ્યા પણ વિશ્વમાં વધુ છે. મકાનને ઘર બનાવવાની ટેકનીક અર્થાત વૈદિક જીવન પદ્ધતિનું અનુસરણ અને આચરણ. વિનાશકારી ભુકંપ બાદ નવી આયાત કરાયેલી ટેકનોલોજીથી આજે પહેલાં કરતાં વધુ મજબુત મકાનોનું નિર્માણ થઈ રહ્યું છે જે સારી બાબત છે. હવે આપણે ભૂકંપમાં પણ વધુ સુરક્ષીત છીએ. પરંતુ મકાનમાં નિવાસ કરતાં ઘર-પરિવારના સદસ્યોના અંતઃકરણમાં આવતાં ભૂકંપના આંચકા અર્થાત ઈર્ષા, દ્વેષ, ક્રોધ, સ્વાર્થ અસત્ય, અવિશ્વાસ, અન્યાય વગેરેને કારણે ઘરોમાં વિનાશનું સર્જન થાય છે ત્યારે મકાન ઘર બનતું નથી. આ માટે મકાનમાં નિવાસ કરતાં ઘર-પરિવારના સદસ્યોએ પ્રેમ, ત્યાગ, સમર્પણ, સેવા, પરોપકારની ભાવનાને ઉજાગર કરવી જોઈએ અને તો જ મકાનને ઘર બનાવી શકાય. આ માટે સહુએ મકાનને ઘર બનાવવા માટે વૈદિક ટેકનોલોજી અને ટેકનીકનો ઉપયોગ કરવો જોઈએ.

કાર્યક્રમના મધ્યભાગમાં સુશ્રી ઉન્નતિ વેલાણી અને સ્તુતિ વેલાણી દ્વારા સુમધુર ભજનોની પ્રસ્તુતી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ અને ભાવનાત્મક સંચાલન શ્રી દેવજીભાઈ વેલાણી પુના દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે શ્રી ચંદ્રેશજી આર્યનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત મકાન નિર્માણમાં સહયોગ અને સાથ આપનારા સર્વે પરિવારના સભ્યો અને મિત્રોનું પણ આ પ્રસંગે શાલ



ઓઢાડીને સન્માન કરાયું હતું.


સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રકાશ વેલાણી, દિલીપ વેલાણી, કમલેશ વેલાણી, પ્રદિપ વેલાણી, ભરત વેલાણી, આદિત્ય વેલાણી, રશ્મિબેન વેલાણી સહિત સમગ્ર વેલાણી પરિવારના ભાઈ-બહેનોએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં મુંબઈ, પુના, વડોદરા, અમદાવાદ, ભુજ વગેરે સ્થળોંએથી લોકોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગર એક્રિડીટેશન પ્રેસ ક્લબના હોદ્દેદારોની વરણી



તાજેતરમાં ગાંધીનગર એક્રિડીટેશન પ્રેસ ક્લબની સામાન્ય સભા ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં પ્રમુખ તરીકે શ્રી કિશોરભાઈ અંજારીયા (પ્રતિનિધિ : નવ નિર્માણ પગદંડી) ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. કારોબારી ચેરમેન તરીકે શ્રી ચંદ્રકાંતભાઈ પટેલ (પ્રતિનિધિ : લોકસંસાર), ઉપપ્રમુખ શ્રી અનિરુધ્ધસિંહ ઝાલા, મહામંત્રી શ્રી પાર્થ ઠક્કર, સંગઠન મંત્રી શ્રી મહેન્દ્રભાઈ વોરા, ખજાનચી શ્રી મુકેશભાઈ પંડ્યા, મહિલા પ્રતિનિધિ સુશ્રી ધર્મિષ્ઠાબેનની પણ વરણી કરવામાં આવી હતી. કાયમી સલાહકાર સભ્ય તરીકે શ્રી ભુવનેશભાઈ ઓઝા તથા શ્રી અશ્વિનભાઈ વ્યાસ તેમજ અન્ય કમિટીમાં શ્રી જતીન શુક્લ, શ્રી સતીષભાઈ પાઠક, શ્રી વિશાલભાઈ ઉપાધ્યાય, શ્રી રાજુભાઈ જોષીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

અખબાર જગતને લગતા પ્રશ્નોનો સકારાત્મક ઉકેલ આવે તેમજ સમગ્ર પત્રકાર જગત એક તાંતણે બંધાય તથા સમાજ પ્રત્યેની જવાબદારીઓ શક્ય તેટલી પૂરી થાય તેવા ઉમદા હેતુથી આ ક્લબને આગામી સમયમાં ચલાવવાનો અને સમાજ માટે અનેક કાર્યો કરવાનો વરાયેલા નવીન પ્રમુખ તેમજ સમગ્ર ટીમે આશાવાદ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર ખાતે મળેલ સામાન્ય સભામાં અનેક વરિષ્ઠ તંત્રીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.




**છ માસીય વૈદિક જ્ઞાન શિબિર**



**ક્રિયાત્મક યોગાભ્યાસ સહિત વૈદિક પ્રવક્તા, વૈદિક પ્રચારક તથા વૈદિક પુરોહિતનું પ્રશિક્ષણ અપાશે**

**યોગ્યતા : દસમું ધોરણ પાસ, ઓછામાં ઓછી ઉંમર ૧૬ વર્ષ, બ્રહ્મચારી, ગૃહસ્થ તથા વાનપ્રસ્થીઓ માટે પ્રવેશ. માત્ર ભાઈઓ માટેની આ શિબિર છે.**

**શિબિર શુલ્ક : ૧૦૦૦/- રૂપિયા**

**નિયમ : છ મહિના સુધી આચાર્ય દ્વારા નિર્ધારિત નિયમ અનુસાર અનુશાસનમાં રહી દિનચર્યાનું શ્રદ્ધાપૂર્વક પાલન કરવું તથા ઘર-ગૃહસ્થીના તમામ કાર્યોથી પૃથક રહીને ગુરુકુલીય વાતાવરણમાં રહેવું.**

**સમય : ૧લી જુલાઈ થી ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૪**

**પ્રશિક્ષક તથા આચાર્ય**

**સ્વામી શાંતાનંદજી સરસ્વતી (એમ.એ. દર્શનાચાર્ય)**

**સંત ઓધવરામ વૈદિક ગુરુકુલ, ભવાનીપુર, કચ્છ**

**૯૯૯૮૫૯૪૮૧૦, ૮૯૮૦૫૭૩૭૦૮, ૯૩૭૭૦૨૭૧૬૬**

**૦૨૮૩૧-૨૮૮૨૫૫**

**વિશેષ : આ સમય દરમ્યાન વૈશેષિક દર્શનના અધ્યાપનનો પણ પ્રારંભ કરવામાં આવશે તથા પ્રશિક્ષણ બાદ કચ્છના દર્શનિય સ્થળોનું ભ્રમણ પણ કરાવવામાં આવશે આ ઉપરાંત ગુરુકુલ તરફથી પ્રમાણપત્ર પણ એનાયત કરાશે.**

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અરવિંદ કે રાણાએ અનુગ્રહ કોમ્પ્યુટર્સ એન્ડ પ્રિન્ટર્સ જી.આઈ.ડી.સી., સેક્ટર – ૨૮, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં. ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર – ૨૧, ગાંધીનગર –૩૮૨૦૨૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. ફોન (૦૭૯)૨૩૨૧૦૦૭૧ ઈ-મેઈલ : agnipathgnr@gmail.com

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS G.I.D.C., SECTOR - 28, GANDHINAGAR. PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR - 21, GNADHINAGAR - 382021 PHONE : (079) 23210071. E-MAIL : agnipathgnr@gmail.com